## તા. ૨૫મી માર્ચ– ૨૦૧૭ ના રોજ બપોરે ૦૧.૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ ૨૫મી માર્ચ–૨૦૧૭ ના રોજ શનિવાર બપોરે ૦૧.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડો. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડો. એમ.જી.ઠકકર.<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી ડો. એસ.જી.ધર્માણી,<br>આચાર્યશ્રી, તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. શ્રી એસ.એલ.ભંડારી,<br>રીડર, અર્થ એન્ડ એન્વા. સાયન્સ ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. શ્રી રાજેન્દ્ર એમ. શાહ,<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ગાંધીધામ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી નવલસિંહ એમ.જાડેજા,<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## —મુદાઓ —

૧. તા.૨૦/૦૩/૨૦૧૭ની મિનિટસનું વાંચન અને બહાલી
(નોંધઃ— ગત તારીખ ૨૦/૦૩/૨૦૧૭ના રોજની સભાની મિનિટસ નોંધ સૌ સભ્યશ્રીઓને ઇ—મેઇલ દ્વારા મોકલી આપવામાં આવેલ જેની નકલ બેઠક સમયે રૂબરૂમાં રજૂ કરવામાં આવી હતી. આ મીનીટસના વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવઃ— ૧. ગત તા.૨૦/૦૩/૨૦૧૭ની ના રોજની સભાની મીનીટસના વાંચન બાદ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. યુનિવર્સિટીના નવા બાંધકામ બાબત.
**(નોંધઃ—બાંધકામ શાખા દ્વારા રજૂ થયેલ પરિશિષ્ટ—૧ થી ૩ અને તાઃ૨૫/૦૩/૨૦૧૭ના રોજ થયેલ બાંધકામ સમિતિની બેઠકના એજન્ડા અને તે અન્વયે થયેલી મિનિટસના વાંચન અને બહાલી બાબત.)**

**ઠરાવઃ— ૨. બાંધકામ શાખા દ્વારા રજૂ થયેલ પરિશિષ્ટ—૧થી ૩ અને બાંધકામ સમિતિની તાઃ૨૫/૦૩/૨૦૧૭ના રોજની મિનિટસના વાંચન અને ચર્ચા—વિચારણા બાદ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે....

૩. મેડીકલ અને લૉ ફેકલ્ટીમાં ડીનશ્રીની નિમણુંક બાબત.
**ઠરાવઃ—૩. કચ્છ યુનિવર્સિટી ખાતે જે ફેકલ્ટીના અનુસ્નાતક ભવન ન હોય, બી.ઓ.એસ. પણ અસ્તિત્વમાં ન હોય તેવા સંજોગોમાં યુનિવર્સિટીના અન્ય ફેકલ્ટીના ડીન પૈકી માન.કુલપતિશ્રી દ્વારા જે—તે ફેકલ્ટીના ડીનશ્રી તરીકે નિમણુંક કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. આગામી મુદતની એકિઝકયુટીવ કાઉન્સીલની રચના અન્વયે કોર્ટ સભ્યો પૈકી બે સભ્યશ્રીઓની એકિઝકયુટીવ કાઉન્સીલમાં નિમણુંક અન્વયે ચૂંટણી પ્રક્રિયા બાબત.
**ઠરાવઃ—૪. કચ્છ યુનિવર્સિટી ખાતે આગામી ચતુર્થ મુદત તા.૨૮/૦૩/૨૦૧૭ થી અમલમાં આવનાર અને ૨૭/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેનાર એકિઝકયુટીવ કાઉન્સીલની રચના અન્વયે કોર્ટ સભ્યો પૈકી બે સભ્યશ્રીઓની એકિઝકયુટીવ કાઉન્સીલમાં નિમણુંક અન્વયે ચૂંટણી પ્રક્રિય. યોજવા કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૫. કચ્છ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ—૩માં ઉમેરા બાબત.

**ઠરાવઃ—૫. કચ્છ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ ૩.૦ ડેફિનેશન માં ૧ થી ૭ ક્રમ આપવામાં આવેલ છે. જ્યારે યુનિવર્સિટીની હાલની જરૂરીયાત મુજબ ક્રમ—૮ અને ૯ નો ઉમેરો નીચે મુજબ આવશ્યક છે.**

3.0 Definitions
(1) "Registered Graduate" means graduates registered under Section-16 (1) - Class-II - Ordinary Members (iv) of the Act and referred to in Statute-10 of these Statutes.
(2) "Faculty" means faculty prescribed under Statute-42.
(3) "Teachers" means –

(I) professors, readers, lecturers and such other persons imparting instructions in the Departments of the University or University colleges

(ii) Professors, Readers and Lecturers who are recognized as such and imparting instruction in an affiliated College or a recog-nized Institution or an approved Institution

(iii) Director of Physical Education, Librarian and Computer Programmer recognized by the university if they are on the permanent staff of a College.

Notwithstanding anything contained in (i) and (ii) above the name of a part-time teacher who does not work for at least four periods a week or in the case of a teacher doing exclusively research guidance, for at least four hours a week in any one affiliated College, recognized Institution or University Department shall not be included in the electoral roll of the teachers in any Faculty.

Note : Notwithstanding anything contained in this statute visiting teacher or Adyapak Sahayak will not be considered as teacher.

(4) "College" means a degree college or an affiliated college teaching any of the courses leading to a diploma or a degree.

(5) "Principal" means a permanent Principal of the College.

(6) "Secondary Teacher" means member of the teaching staff of secondary and higher secondary school as defined in Clause-13 of Section-2 and are actively participating in the work of teaching for not less than 21 hours or 25 periods per week as a secondary/higher secondary teacher.

(7) "Head Master" means the head of a secondary including higher secondary school.

(8) "University Department" means a department situated on the university campus wholly engaged in teaching and research. which is maintained by the university. ie. the administration and academic work is carried out by the university is called university department.

(9) "Dean of the Faculty" means the person engaged as full-time teacher for the research and teaching and who is also declared as head of the university department by the Vice-Chancellor and he is the chairperson of the board of studies.

Provided also that if there is no university department for a particular faculty in the university, then the Vice-Chancellor

can appoint dean of that particular faculty among the chairpersons of the board of studies comprised in that faculty.

ઉપરોક્ત સ્ટેચ્યુટમાં ઉમેરો કરવાની આથી બહાલી આપવામાં આવે છે અને સુધારેલ સ્ટેચ્યુટ્સની મંજુરી અર્થે આગળની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં હવે પછીની સભા તા.૨૭/૦૩/૨૦૧૭ના રોજ ૦૧.૦૦ કલાકે યોજવાની હાજર રહેલ તમામ સભ્યોની સહમતી સાથે અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેરકરવામાં આવી.

આપના વિશ્વાસુ

કુલસચિવ(ઇ.ચા.)

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા.૨૭/૦૩/૨૦૧૭